રજા પ્રવાસ/વતન પ્રવાસ રાહત યોજના

અંગેનો સંકલિત ઠરાવ

ગુજરાત સરકાર
નાણા વિભાગ.
ઠરાવ ક્રમાંકઃમસભ -૧૦૨૦૧૩- ૧૪૨૯૫૯ -ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૮-૦૮-૨૦૧૫

આમુખઃ

રાજ્ય સરકારના કર્મચારી/અધિકારીઓને રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત આપવાની યોજના નાણા વિભાગના તારીખઃ૧૫/૧૦/૬૬ ના મૂળ ઠરાવથી દાખલ કરવામાં આવેલ છે. કર્મચારી સંગઠનોની રજુઆત તેમજ કર્મચારીઓને આ સવલત મેળવવામાં સુગમતા રહે તે બાબત ધ્યાને રાખીને આ યોજનામાં વખતો વખત જરૂરી સુધારાઓ કરવામાં આવેલ છે.

૧૯૬૬થી અમલમાં આવેલ આ યોજના અને વખતોવખત તેમાં થયેલ સંખ્યાબંધ સુધારાઓને કારણે અર્થઘટનના પ્રશ્ને કેટલીક સંદિગ્ધતાઓ જણાઇ છે. આથી વહીવટી સરળીકરણની પ્રકીયાના ભાગરૂપે, રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહતના પ્રવર્તમાન તમામ ઠરાવો/પરિપત્રો સંકલિત કરી નીચે મુજબનો સંકલિત ઠરાવ બહાર પાડવામાં આવે છે.

## ઠરાવ

**૧.૦ રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહતની પાત્રતાઃ**

આ હુકમો નીચે જણાવેલ કર્મચારીઓને લાગુ પડશે નહીં.

(૧) પૂર્ણકાલિન સરકારી નોકરીમાં ન હોય.

(૨) જેમને આકસ્મિક ખર્ચમાંથી પગાર ચુકવાતો હોય.

(૩) બીજા કોઇપણ પ્રકારની રજા પ્રવાસ રાહત માટે પાત્ર હોય.

(૪) આ રાજ્યમાં નોકરી કરતા આવી રાહત મેળવવા હકકદાર છે એવા અખિલ ભારતીય સેવાના અધિકારીઓ અથવા ભારત સરકારમાંથી આ રાજ્યમાં ડેપ્યુટેશન પર હોય તેવા અધિકારીઓ જેઓ તેમના ડેપ્યુટેશનની શરતો અનુસાર આવી રાહતો મેળવવા બીજી રીતે હકકદાર છે.



Scanned with CamScanner

(૫) ત્રણ વર્ષથી ઓછી નોકરી કરેલી હોય તેવા વર્કચાર્જ મહેકમ પરના કર્મચારીઓ.

(૬) એક વર્ષની સળંગ નોકરી પૂરી કરી ન હોય તેવા સરકારી કર્મચારી અને તેના કુટુંબને.

(૭) અજમાયશ ઉપર હોય અને અજમાયશી તરીકે એક વર્ષ પૂર્ણ કરેલ ન હોય તેવા કર્મચારીને.

પરંતુ તેવા કર્મચારી/અધિકારીઓ એક વર્ષ પૂર્ણ કરે ત્યાં સુધી રજા પ્રવાસ રાહતના નિયત કરેલ બ્લોક વર્ષની મુદત પુરી થઇ જતી હોય તો તેવા કર્મચારી/અધિકારીઓને તેઓની રાજ્ય સરકારમાં રજા પ્રવાસ રાહતનો લાભ મેળવવાપાત્ર અગાઉ કોઇ સેવા હોય તો તે સેવા તે સમયે તેઓને રજા પ્રવાસ રાહત માટે ધ્યાનમાં લઇ રજા પ્રવાસ રાહતનો લાભ આપી શકાશે.

(૮) રાજય સરકારમાં કરાર આધારિત નિમણુંક મેળવતા કર્મચારી/ અધિકારીઓને

(૯) રાજ્ય સરકારનાં નાણા વિભાગના તા-૧૬-૦૨-૨૦૦૬ના ઠરાવની જોગવાઇ મુજબ ફિક્સ પગારથી નિમણૂંક પામેલ કર્મચારીઓને તેઓની ફિક્સ પગારની નિમણૂંક દરમ્યાન.

૨.૦ બ્લોક વર્ષ/ઘટક વર્ષઃ

(૧) રાજય સરકારના કર્મચારીઓ માટે નાણા વિભાગના તા.૧૫/૧૦/૬૬ના ઠરાવ અનુસાર યોજનાની મુળ જોગવાઇ મુજબ ૨ વર્ષનો બ્લોક વર્ષ ૧૯૬૬-૬૭ શરૂ થયેલ હતો. ત્યારબાદ ૧૯૮૦-૮૩ થી ચાર વર્ષ શરૂ કરવામાં આવેલ છે. આથી બ્લોક વર્ષની ગણત્રી તે મુજબ કરવાની રહેશે. આમ, અનુક્રમે હાલમાં સને ૨૦૧૨-૨૦૧૫નો બ્લોક વર્ષ ચાલુ છે. ચાર વર્ષનો બ્લોક વર્ષ પુરો થતાં આપો આપ નવો બ્લોક શરૂ થશે. બ્લોક વર્ષની ગણતરી માટે કેલેન્ડર વર્ષને ધ્યાને લેવાનું રહેશે.

(૨) રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહતનો લાભ જે તે બ્લોક વર્ષ પૂર્ણ થયા બાદ એક વર્ષ માટે આપો આપ લંબાયેલ ગણાશે. દા.ત. ૨૦૧૨-૨૦૧૫નો બ્લોક ડિસેમ્બર ૨૦૧૬ સુધી લંબાયેલ ગણાશે.

(3) રજા પ્રવાસ રાહતના ચાર વર્ષના બ્લોક પૈકી પ્રથમ બે વર્ષના બ્લોકમાં જો કર્મચારીએ વતન પ્રવાસ રાહત કે રજા પ્રવાસ રાહતનો લાભ લીધો ન હોય તો ત્યાર પછીના બે વર્ષના બ્લોકની લંબાવેલ મુદત સહીતના સમયગાળા દરમ્યાન વતન પ્રવાસ રાહત અને રજા પ્રવાસ રાહત એમ બંન્ને લાભ સાથે મંજુર કરી શકાશે.



Scanned with CamScanner

## ૩.૦ મુસાફરીનું માધ્યમ:

**૩.૧ રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહતના લાભ માટે કર્મચારી/ અધિકારીઓ નીચેની પરિવહન સેવાઓ મારફત પ્રવાસ કરી શકશે.**

(૧) હવાઇ માર્ગ/રેલ માર્ગ દ્વારા મુસાફરી

(૨) રસ્તા માર્ગ દ્વારા મુસાફરી

(૩) સ્ટીમર દ્વારા મુસાફરી

(૪) પર્વતિય/પહાડી વિસ્તારમાં ઘોડા, ટટ્ટુ કે ડોલી દ્વારા મુસાફરી.

### ૩.૧ (૧) હવાઇ માર્ગ/રેલ માર્ગ દ્વારા મુસાફરી

(અ) રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહતની સવલત મેળવનાર કોઇ પણ કર્મચારી/અધિકારી રાષ્ટ્રીય તેમજ ખાનગી વિમાન સેવા દ્વારા હવાઇ મુસાફરી કરી શકશે. પરંતુ તેને જે વર્ગનું રેલ્વેભાડું મળવાપાત્ર થતું હશે તે અને હવાઇ પ્રવાસનું ખરેખર ખર્ચ, એ બંન્ને પૈકી જે ઓછું હોય તેટલી જ રકમ મંજુર કરવાપાત્ર થશે. હવાઇ મુસાફરી કરનાર કર્મચારી/અધિકારીઓએ બીલની સાથે હવાઇ મુસાફરીની મૂળ ટીકીટ/ઇ ટીકીટ તેમજ બોર્ડીંગ પાસ રજુ કરવાના રહેશે.

| ગ્રેડ પે-રેન્જ | પાત્રતા |
|---|---|
| ૧૦,૦૦૦/- અને તેથી વધુ | રાષ્ટ્રીય તેમજ ખાનગી વિમાન સેવા દ્વારા ઇકોનોમી (Y-Class) અથવા રેલ્વેનો એ.સી.ફર્સ્ટ કલાસ તેમની પસંદગી મુજબ |
| ૮૭૦૦/-અને તેનાથી વધારે પરંતુ ૧૦,૦૦૦ થી ઓછા | રેલ્વેનો એ.સી.ફર્સ્ટ કલાસ |
| ૫૪૦૦/-અને તેનાથી વધારે પરંતુ ૮૭૦૦થી ઓછા | સેકન્ડ એ.સી.ટુ ટાયર સ્લીપર |
| ૨૪૦૦/-અને તેનાથી વધારે પરંતુ ૫૪૦૦થી ઓછા | રેલ્વેનો.ફર્સ્ટ કલાસ/એ.સી થ્રી ટાયર સ્લીપર/ એ.સી ચેરકાર # |
| ૨૪૦૦/- થી ઓછા | રેલ્વેના સેકન્ડ સ્લીપર |



Scanned with CamScanner

\# આ શ્રેણીના કર્મચારીઓ મુસાફરીની શરૂઆતના સ્થળ અને મુસાફરીની સમાપ્તિના સ્થળ વચ્ચે ટૂંકા માર્ગે દોડતી ટ્રેનમાં મળવાપાત્ર વર્ગની સગવડ ન હોય તો એ.સી.ટુ ટાયર સ્લીપર દ્વારા મુસાફરી કરી શકે છે.

(બ) રાજધાની એક્સપ્રેસ દ્વારા મુસાફરી.

| ક્રમ | ગ્રેડ પે-રેન્જ | પાત્રતા |
|---|---|---|
| ૧. | ૮૯૦૦/-અને તેથી વધુ | એ.સી.ફર્સ્ટ કલાસ |
| ૨. | ૫૪૦૦/-અને તેનાથી વધારે પરંતુ ૮૯૦૦થી ઓછા | સેકન્ડ એ.સી.ટુ ટાયર સ્લીપર |
| ૩. | ૨૪૦૦/- અને તેથી વધુ પરંતુ ૫૪૦૦/-થી ઓછા | એ.સી. ચેરકાર |

(ક) શતાબ્દી એકપ્રેસ દ્વારા મુસાફરી.

| ક્રમ | ગ્રેડ પે-રેન્જ | પાત્રતા |
|---|---|---|
| ૧. | ૮૯૦૦/-અને તેથી વધુ | એકઝીક્યુટીવ કલાસ |
| ૨. | ૨૪૦૦/-અને તેથી વધુ પરંતુ ૮૯૦૦/-થી ઓછા | એ.સી. ચેર કાર |

નોધ-૧. આ જોગવાઇ રાજધાની/શતાબ્દી ટ્રેન દ્વારા કરેલ ખરેખર મુસાફરી કરવા માટે છે. મુસાફરીની શરૂઆતનુ સ્થળ અને મુસાફરીનું અંતિમ નિર્ધારીત સ્થળ બંને રાજધાની/ શતાબ્દી ટ્રેન દ્વારા સંકળાયેલ હોવા જોઇએ.

નોધ-૨ કાલ્પનિક રીતે મળવાપાત્ર ભાડાની ગણત્રી કરવા માટે આ જોગવાઇનો આધાર લેવાનો નથી.

નોધ-૩. જે ટ્રેનોમાં રેલ્વે સત્તાવાળાઓ તરફથી નાસ્તા/જમવા સહિતનું રેલ્વે ભાડુ વસુલ કરવામાં આવે છે તેમને નાસ્તા/જમવાના સહિતનું સંપૂર્ણ ભાડુ મજરે મળવાપાત્ર બનશે.

**૩.૧ (૨) <u>રસ્તા માર્ગ દ્વારા પ્રવાસ:</u>**

(અ) રસ્તા માર્ગ દ્વારા કર્મચારી/અધિકારીઓ રજા પ્રવાસ રાહત /વતન પ્રવાસ રાહતનો લાભ નીચે જણાવ્યા મુજબની પાત્રતા પ્રમાણે મેળવી શકશે.



Scanned with CamScanner

| ક્રમ | ગ્રેડ પે-રેન્જ | પાત્રતા |
|---|---|---|
| ૧. | ૧૦,૦૦૦/- અને તેથી વધુ | ૧. વાતાનુકુલિત બસ સહિતની કોઇપણ સરકારી પરિવહનની બસમાં કરેલ મુસાફરીનું પુરે પુરૂ ભાડુ મળવાપાત્ર થશે.<br>અથવા<br>૨. રેલ્વે દ્વારા સંકળાયેલ ન હોય તેવા સ્થળો વચ્ચે વાતાનુકુલીત ટેક્ષી /ટેક્ષી (વાતાનુકુલીત ટેક્ષીમાં ખરેખર મુસાફરી કરલ હોય ત્યારે) નું નિયત કરાયેલ ભાડુ અથવા ખરેખર પાત્રતા મુજબનું મળવાપાત્ર બસનું બસ ભાડુ અને ખરેખર ચૂકવેલ ભાડુ બંને માંથી જે ઓછુ હોય તે ભાડુ મળવાપાત્ર થશે. |
| ૨. | ૫૪૦૦/-અને તેનાથી વધારે પરંતુ ૧૦૦૦૦થી ઓછા | ઉપર ૧. મુજબ પરંતુ<br>વાતાનુકુલિત ટેક્ષી દ્વારા મુસાફરી કરી શકાશે નહી. |
| ૩. | ૪૬૦૦/-અને તેથી વધુ પરંતુ ૫૪૦૦ થી ઓછો | ઉપર ૨. મુજબ પરંતુ<br>વાતાનુકુલિત બસ દ્વારા મુસાફરી કરી શકાશે નહી. |
| ૪. | ૨૪૦૦/-અને તેથી વધુ પરંતુ ૪૬૦૦ થી ઓછો | ૧. કોઇપણ પ્રકારની-વાતાનુકુલિત સિવાયની સરકારી પરિવહનની બસ દ્વારા<br>અથવા<br>૨. રેલ્વે દ્વારા સંકળાયેલ ન હોય તેવા સ્થળો વચ્ચે રીક્ષાનું નિયત કરેલ ભાડુ અથવા ખરેખર મળવાપાત્ર બસનું બસ ભાડુ અને ખરેખર ચુકવેલ ભાડુ બન્નેમાંથી જે ઓછું હોય તે ભાડુ મળવાપાત્ર થશે. |
| ૫. | ૨૪૦૦/- થી ઓછો | ઉપર ૪ મુજબ પરંતુ મળવાપાત્ર ભાડુ સરકારી પરિવહન (ઓર્ડીનરી બસ) ની બસના ભાડાની મર્યાદા જેટલું રહેશે. |

નોંધ: વાતાનુકુલિત ટેક્ષી, ટેક્ષી તેમજ રિક્ષા મારફત કરેલ પ્રવાસ માટે ભાડાની પહોંચ રજુ કરવી ફરજીયાત છે.

(બ) <u>પોતાની કાર:</u>

(૧) જે અધિકારીઓ ફરજ પરની મુસાફરી પોતાની કાર દ્વારા કરી શકતા હોય અને રેલ્વેથી સંકળાયેલા સ્થળો વચ્ચેની મુસાફરી માટે પણ પૂર્ણ દરે રોડ માઇલેજ આકારી શકતા હોય તેવા જ અધિકારીઓ રજા પ્રવાસ/વતન પ્રવાસની મુસાફરી પોતાની માલિકીના વાહન કે ખાનગી ટેક્ષી દ્વારા કરી શકશે.



Scanned with CamScanner

(૨) આવી મુસાફરી માટે તેમણે કરેલ ખરેખર માઇલેજ ખર્ચ અથવા તો મળવાપાત્ર રેલ્વે ભાડું એ બન્નેમાંથી જે ઓછી રકમ હોય તે મળવાપાત્ર થશે.

(૩) રેલ્વે દ્વારા નહીં સંકળાયેલ સ્થળ વચ્ચેની મુસાફરી પણ આવા અધિકારીઓ પોતાની માલીકીના વાહન કે ખાનગી ટેક્ષી દ્વારા કરી શકશે આ માટે સંબંધિત અધિકારીને પેટ્રોલ/ડીઝલ/સી.એન.જી વાહન માટે વખતોવખત સરકાર દ્વારા નક્કી થયેલ રોડ માઇલેજ મળવાપાત્ર થશે.

(૬) અમદાવાદ/ગાંધીનગર વચ્ચેની મુસાફરી:

ગાંધીનગર-અમદાવાદ-ગાંધીનગર વચ્ચેની રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહતની મુસાફરી માટે કર્મચારી/અધિકારીને રેલ્વે/સરકારી પરિવહન સિવાયના માધ્યમ દ્વારા કરેલ મુસાફરી માટે તેમને મળવાપાત્ર રેલ્વે ભાડાની મર્યાદામાં ખર્ચ મળવાપાત્ર થશે.

## (૩) દરિયાઇ અથવા નદી માર્ગ/ સ્ટીમર દ્વારા મુસાફરી:

(અ) દરિયાઇ અથવા નદી માર્ગ દ્વારા કર્મચારી /અધિકારીઓ રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહતનો લાભ નીચે જણાવ્યા મુજબની પાત્રતા પ્રમાણે મેળવી શકશે.

| ક્રમ | ગ્રેડ પે-રેન્જ | પાત્રતા |
|---|---|---|
| ૧. | ૫૪૦૦/- અને તેથી વધુ | ઉંચામાં ઉંચો વર્ગ(Highest Class) |
| ૨. | ૪૬૦૦/- અને તેથી વધુ પરંતુ ૫૪૦૦/-થી ઓછા | જો સ્ટીમરમાં બે વર્ગ હોય તો નીચલો વર્ગ (Lower Class) |
| ૩. | ૨૪૦૦/-અને તેથી વધુ પરંતુ ૪૬૦૦/-થી ઓછા | જો સ્ટીમરમાં ત્રણ વર્ગ હોય તો વચ્ચેના વર્ગ અથવા બીજો વર્ગ, જો ચાર વર્ગ હોય તો ત્રીજો વર્ગ |
| ૪. | ૨૪૦૦/-થી ઓછા | સૌથી નીચલો વર્ગ ( The Lowest Class) |

(બ) રાજ્ય સરકારના કર્મચારીઓ રજાપ્રવાસ રાહત હેઠળ આંદોમાન, નિકોબાર અને લક્ષદ્વીપ ટાપુ સમુહ, કે જે ભારતમાં આવેલ હોવાથી આ ટાપુઓ પર રજા પ્રવાસ રાહતની મુસાફરી કરી શકે છે.



Scanned with CamScanner

ભૂમિ ઉપર આંદામાન નિકોબાર ટાપુ સમૂહ અથવા લક્ષદ્વીપ ટાપુ સમૂહ વચ્ચેની મુસાફરી માટે આ સ્થળો વચ્ચે શીપીંગ કોર્પોરેશન ઓફ ઇન્ડીયા દ્વારા ચલાવવામાં આવતા જહાજ દ્વારા મુસાફરી માટે નીચે મુજબ પાત્રતાના ધોરણો નકકી કરવામાં આવે છે.

| ક્રમ | ગ્રેડ પે-રેન્જ | પાત્રતા |
|---|---|---|
| ૧. | ૫૪૦૦/- અને તેથી વધુ | ડીલક્ષ કલાસ(Highest Class) |
| ૨. | ૪૬૦૦/- અને તેથી વધુ પરંતુ ૫૪૦૦/- થી ઓછા | પ્રથમ વર્ગ/એ કેબીન કલાસ (First/"A" Class) |
| ૩. | ૨૪૦૦/-અને તેથી વધુ પરંતુ ૪૬૦૦/- થી ઓછા | બીજો વર્ગ,બી કેબીન કલાસ (Second/"B" Cabin) |
| ૪. | ૨૪૦૦/-થી ઓછા | બન્ક કલાસ (Bunk Class) |

(ક) રજા પ્રવાસ રાહત હેઠળ હવાઇ માર્ગે મુસાફરી કરવાની પાત્રતા ધરાવતા ન હોય તેવા કર્મચારીઓ આંદોમાન, નિકોબાર અને લક્ષદ્વીપ ટાપુઓ વચ્ચે હવાઇ માર્ગે મુસાફરી કરે તો આ અંગેનો દાવો શીપીંગ કોર્પોરેશન ઓફ ઇન્ડીયા લીમીટેડ દ્વારા ચલાવવામાં આવતા જહાજના જે તે પાત્ર વર્ગનું જહાજ ભાડુ અથવા વિમાન ભાડુ એ બંનેમાંથી જે ઓછું હોય તે મળવાપાત્ર થશે.

(ક) સરકારી કર્મચારીઓને ૩૦૦૦ કિ.મી.ની એકતરફી મર્યાદામાં રજા પ્રવાસ રાહતનો લાભ મળવાપાત્ર છે (જવા-આવવાના ૬,૦૦૦ કી.મી.) આંદોમાન, નિકોબાર અથવા લક્ષદ્વીપ ટાપુ સુધીનું રજા પ્રવાસ રાહત લેતા કર્મચારીઓના કિસ્સામાં ઉપર્યુકત મર્યાદા કરતાં કિ.મી. વધી જતા હોય તેવા કિસ્સામાં વધારાના કિ.મી.નું ભાડુ રેલ્વે, હવાઇ અથવા સ્ટીમર ભાડુ એ ત્રણમાંથી જેનું ભાડુ ઓછું હોય તેમાંથી કપાત કરવાનું રહેશે. તે જ રીતે હવાઇ માર્ગે પ્રવાસ કરવાની પત્રતા ધરાવતા અધિકારી દ્વારા હવાઇ માર્ગે મુસાફરી કરી હોય તો હવાઇ પ્રવાસમાંથી કપાત કરવાની રહેશે.

(૪) <u>પર્વતીય/પહાડી વિસ્તારમાં ઘોડા, ટટ્ટુ કે ડોલી દ્વારા મુસાફરી:</u>

રજા પ્રવાસ રાહત હેઠળ કર્મચારીઓ અને તેમના કુટુંબના સભ્યો અમરનાથ, વૈષ્ણોદેવી જેવા ધાર્મિક સ્થાનોની મુલાકાતે જતા હોય છે આ સ્થળો પર્વતીય/પહાડી વિસ્તારમાં આવેલ હોવાથી જાહેર વાહન વ્યવહારથી કોઇપણ સેવા ઉપલબ્ધ ન હોવાથી



Scanned with CamScanner

કર્મચારીઓ અને તેના કુટુંબના સભ્યો કેટલીક મુસાફરી હેલીકોપ્ટર, ઘોડા, ટટ્ટુ, અથવા તો ડોલી/પાલખી દ્વારા કરતા હોય છે. આવી મુસાફરી માટે નીચે મુજબ ભાડાની રકમ મળવાપાત્ર થશે.

(૧) ચંદનવાડીથી અમરનાથ ગુફા સુધી ઘોડા, ટટ્ટુ ,ડોલી કે હેલીકોપ્ટર દ્વારા કરવામાં આવેલ મુસાફરી માટે વ્યક્તિ દીઠ રૂ.૫૦૦/- (રૂપિયા પાંચસો પુરા)

(૨) કટરાથી વૈષ્ણોદેવી માટે વ્યક્તિ દીઠ રૂ.૧૫૦/- (રૂ.એકસો પચાસ) ઉચ્ચક રકમ સરકારી સહાય તરીકે મળવાપાત્ર થશે. પગપાળા કરેલ મુસાફરી માટે કોઇ સહાય મળવાપાત્ર થશે નહિ. જ્યાં ખરેખર ચુકવેલ રકમ ઉપર્યુક્ત રકમ કરતાં ઓછી હશે ત્યાં ખરેખર ચુકવેલ રકમ મળવાપાત્ર થશે.

## ૪.૦ મુસાફરીનું અંતરઃ

૧. કર્મચારીઓ ચાર વર્ષના બ્લોક વર્ષમાં રજા પ્રવાસ રાહત હેઠળ (ભારત દર્શન) ભારતના કોઇપણ સ્થળ સુધીનું (૩૦૦૦ કિ.મી. જવાના અને ૩૦૦૦ કિ.મી. આવવાના એમ કુલ ૬૦૦૦ કિ.મી.ની મર્યાદામાં) રજા પ્રવાસ રાહત લઇ શકશે. આ માટે સીધા અને ટુંકા માર્ગના નિયંત્રણ વગર રજા પ્રવાસ રાહતનો લાભ મેળવી શકશે.

૨. રજા પ્રવાસ રાહત સંદર્ભે રેલ્વે, સરકારી પરિવહન બસ સેવા તેમજ રાજ્ય સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત ટ્રાવેલ એજન્સી દ્વારા કરવામાં આવેલ પ્રવાસને ઉક્ત હેતુ માટે માન્ય ગણવાનું રહેશે.

## ૫.૦ રજાઃ

(૧) કર્મચારી/અધિકારી નિયમીત રજા જેમ કે, પ્રાપ્ત રજા, રૂપાંતરિત રજા, અર્ધપગારી રજા, અસાધારણ રજા, પ્રાસંગિક રજા (Casual Leave) અને પ્રસુતિ રજા મંજુર કરાવી રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહતનો લાભ લઇ શકશે.

(૨) વેકેશન ખાતામાં નોકરી કરતાં સરકારી કર્મચારીની બાબતમાં વેકેશનના સમયને રજા તરીકે ગણી રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત મેળવી શકશે.



Scanned with CamScanner

## ૬.૦ કુટુંબની વ્યાખ્યા (રજા પ્રવાસ/વતન પ્રવાસ માટે)

(૧) આ નિયમોના હેતુસારુ "કુટુંબ"એ શબ્દનો અર્થ જી.સી.એસ.આર-૨૦૦૨ ના નિયમ-૯ (૨૬) માં જે અર્થ કરવામાં આવ્યો છે તે જ અર્થ થાય છે.

(૨) "કુટુંબ"એટલે યથા પ્રસંગ, સરકારી કર્મચારીની સાથે રહેતા પત્ની અગર પતિ તેમજ તેની સાથે રહેતા અને સર્વથા તેના ઉપર આધારિત ઔરસ કે સાવકા બાળકો. આ ઉપરાંત તેના માતા પિતા, બહેનો, સગીર ભાઇઓ કે જેઓ સાથે રહેતા હોય અને તેના ઉપર સર્વથા આધારિત હોય તેઓનો પણ તેમાં સમાવેશ થાય છે.

નોંધ:

૧. "કુટુંબ" શબ્દમાં, આ નિયમોના હેતુ માટે એક કરતાં વધુ પત્નીનો સમાવેશ થતો નથી.

૨. સરકારી કર્મચારીના અંગત કાયદા હેઠળ જો દત્તક વિધિ ગ્રહણ કાયદેસર ગણાતી હોય અને તેથી દત્તક લીધેલ બાળકને ઔરસ બાળકનો દરજ્જો પ્રાપ્ત થતો હોય, તો તેણે લીધેલ દત્તક બાળકને કાયદેસર ઔરસ ગણવામાં આવશે.

૩. ઔરસ કે સાવકા બાળક, માતા-પિતા, બહેન અને સગીર ભાઇ જેઓ સરકારી કર્મચારી સાથે રહેતા હોય અને જેમની બધા સ્ત્રોતોથી થતી પેન્શન સહીતની (પેન્શન ઉપર મળવાપાત્ર હંગામી વધારા સહીતની)માસિક આવક રૂ. ૫૦૦ થી વધુ થતી ન હોય તેવા સભ્યો સરકારી કર્મચારી ઉપર "પુર્ણતઃ આશ્રિત" ગણાશે.

(૩) રજા પ્રવાસ /વતન પ્રવાસનો લાભ મેળવવા સરકારી કર્મચારીઓના કુટુંબના સભ્યો સરકારી કર્મચારી સાથે જ પ્રવાસ કરે એવું જરૂરી નથી. તેઓ જે તે બ્લોક વર્ષમાં એક સાથે પ્રવાસ કરે અથવા તેમને અનુકુળ પડે તે પ્રમાણે જુદા જુદા જુથમાં પ્રવાસ કરે ત્યારે દરેક જુથની બાબતમાં ખર્ચ ભરપાઇ કરી આપી શકશે.

(૪) સ્ત્રી કર્મચારી રજા પ્રવાસ/વતન પ્રવાસ રાહત માટે તેના વતનના સ્થળે પ્રવાસ કરે અને વતનના સ્થળે લગ્ન કરી પરત મુખ્ય મથકે આવે ત્યારે તેના પતિને રજા પ્રવાસ/વતન પ્રવાસ રાહતનો લાભ મળવાપાત્ર થશે.





Scanned with CamScanner

(૫) નિયત કરવામાં આવેલી મુસાફરીના અંતર અંગેની મર્યાદાને આધિન સરકારી કર્મચારી અને અથવા તેના કુટુંબના સભ્યોને ભારતના કોઇપણ સ્થળની મુલાકાત માટે રજા પ્રવાસ રાહત ભોગવે ત્યારે તેઓને એક સ્થળ અથવા જુદા જુદા સ્થળની પસંદગી કરવાની છૂટ છે.

(૬) ગાર્ડીયન એન્ડ વોડર્સ એક્ટ-૧૮૯૦ (Guardian and Wards Act-1890) નીચે કર્મચારીએ વોડર્સ તરીકે લીધેલા બાળકોનો સમાવેશ કુટુંબની વ્યાખ્યામાં ગણાશે.

(૭) ફરજ મોકૂફી હેઠળના કર્મચારીને રજા પ્રવાસ/વતન પ્રવાસ રાહતનો લાભ મળવાપાત્ર નથી પરંતુ તેના કુટુંબના સભ્યો આ રાહતનો લાભ લઇ શકે છે. અને તેઓને મળવાપાત્ર પેશગી પણ મંજુર કરી શકાય. આવા કર્મચારીને નોકરીમાં પાછા લેવામાં આવે અને તેમને ફરજમોકફીનો સમય ફરજ તરીકે ગણવામાં આવે તો પણ તે કર્મચારીને જે બ્લોક વર્ષ પૂરા થઇ ગયા છે તેના લાભ મળવાપાત્ર નથી.

(૮) તારીખ ૧/૪/૮૯ કે ત્યાર પછી નોકરીમાં દાખલ થયેલા કર્મચારીઓના કિસ્સામાં તેમને બેથી વધુ જીવીત બાળકો હશે તો તેમને રજા પ્રવાસ/વતન પ્રવાસ રાહતનો લાભ મળવાપાત્ર થશે નહિં. તા. ૧/૪/૮૯ પહેલા નોકરીમાં દાખલ થયેલા કર્મચારીઓના કિસ્સામાં બધા જીવીત બાળકો માટે રજા પ્રવાસ/વતન પ્રવાસ રાહતનો લાભ મળવાપાત્ર થશે.

## ૭.૦ વતનનો એકરારઃ

(૧) સરકારી કર્મચારી/અધિકારીએ સરકારી સેવામાં દાખલ થયા તારીખથી છ માસની મુદતમાં સક્ષમ સત્તાધિકારી સમક્ષ વતનના સ્થળ અંગે વતનના સ્થળની નોંધણી કરાવવાની રહેશે.

(૨) આ નોંધ કરાવવાના સમયે વતનના સ્થળે કર્મચારી/અધિકારી સ્થાવર મિલકત ધરાવતા હોય અથવા નોકરીમાં જોડાયા પૂર્વે તે સ્થળે રહેતા હોય તેના અધિકૃત પુરાવાની નકલ રજુ કરવાની રહેશે અને તે સબંધિત કર્મચારી/અધિકારીની સેવાપોથીમાં ચોંટાડવાની રહેશે.

(૩) વતનના આ નોંધાયેલ સ્થળનો ઉલ્લેખ સિનીયોરીટી લીસ્ટમાં પણ કરવાનો રહેશે.





Scanned with CamScanner

(૪) પોતાની સેવાપોથીમાં વતનના સ્થળની નોંધણી થઇ હોવા બાબતે કર્મચારી/અધિકારીએ જાતે ખાતરી કરી લેવાની રહેશે.

(૫) સેવાપોથીમાં નોંધણી કરવાની રહી જવા પામી હોવાની રજુઆત સ્વીકારી શકાશે નહીં અને તેવા સંજોગોમાં કર્મચારી/અધિકારીની પ્રથમ નિમણૂક જે સ્થળે થઇ હશે તે જ કર્મચારી/અધિકારીનું વતનનું સ્થળ ગણવાનું રહેશે.

(૬) વતનના સ્થળ અથવા તેમાં ફેરફાર અંગેની અન્ય કોઇ રજુઆતો વિચારણાને પાત્ર બનશે નહીં.

(૭) એકવાર નિયત થયેલ વતન સ્થળ કોઇપણ સંજોગોમાં બદલી શકાશે નહીં. 11

## ૮.૦ રજાપ્રવાસ રાહત/વતન પ્રવાસ માટેની સામાન્ય શરતો:

(૧) રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહતનો લાભ કર્મચારી/અધિકારીઓને ભારતમાં જ મળવાપાત્ર છે.

(૨) સરકારી કર્મચારી અથવા તેમના કુટુંબના સભ્યો કોઇ પણ માર્ગ દ્વારા પ્રવાસ કરી શકશે અથવા મુખ્ય મથકેથી વતનમાં અથવા કોઇપણ સ્થળે જતાં અથવા તે મથકેથી મુખ્ય મથકે પાછા ફરતાં, માર્ગમાં ગમે ત્યાં રોકાઇ શકશે.

(૩) રજા પ્રવાસ /વતન પ્રવાસ રાહત સમયે ઘર/સ્ટેશન/એરપોર્ટ/રેલ્વેસ્ટેશન વચ્ચે ટેક્ષી/ઓટો રિક્ષા દ્વારા કરવામાં આવતી મુસાફરી માટે જીસીએસઆર (મુસાફરી ભથ્થા)નિયમ-૨૦૦૨ના નિયમ-૫૨ મુજબ માઇલેજ ભથ્થાના દરે ભાડુ મળવાપાત્ર થશે.

(૪) સરકારી કર્મચારીની પત્ની પણ સરકારી કર્મચારી હોય ત્યાં, રજા પ્રવાસ/ વતન પ્રવાસ રાહત બંનેને ન મળતાં, પતિ અથવા પત્નીને મળવાપાત્ર ધોરણે કુટુંબને મળવાપાત્ર રહેશે. પણ સરકારી કર્મચારીએ આ નિયમો અનુસાર મળી શકતા નાણાંકીય લાભ લેવામાં આવ્યો નથી તે મતલબનું *પ્રમાણપત્ર આપવું જરૂરી છે. *(પરિશિષ્ટ-૨)

(૫) જે સરકારી કર્મચારીનું રજા પ્રવાસ રાહતના હેતુ માટે વ્યાખ્યા કરાયા પ્રમાણેનું કુટુંબ તેમના કામકાજના સ્થળેથી દૂર રહેતું હોય તેવા સરકારી કર્મચારી ચાર વર્ષના સમયગાળામાં એક વાર તેમના કુટુંબ માટે તેમજ પોતાના માટે રાહતનો



Scanned with CamScanner

લાભ લેવાને બદલે તેમના વતનની અથવા કોઇ પણ સ્થળે મુલાકાત લેવા માટે દર વર્ષે એક વાર એકલા તેમના પોતાના જ માટે આવી રાહતનો લાભ લઇ શકશે.

(૬) અવરસેવા પરના સરકારી કર્મચારીઓ પણ આવી રજા પ્રવાસ રાહત માટે પાત્ર રહેશે અને તેમને અવરસેવામાં નિમણૂક આપતા હુકમોમાં આવી રજા પ્રવાસ રાહત માટેની શરત દાખલ કરવાની રહેશે.

(૭) વતનમાંથી અથવા અન્ય સ્થળોથી પોતાના મુખ્ય મથકે પાછા ફરવા માટેનો પ્રવાસ ત્યારપછી આવતા અંગ્રેજી વર્ષમાં કરવાનો થાય તેવા પ્રસંગે આવી રાહત મુખ્ય મથકેથી વતન કે આવા અન્ય સ્થળે જવા અંગેનો પ્રવાસ જે વર્ષમાં શરૂ થયો હોય તે વર્ષની સામે ગણવાપાત્ર છે.

12

(૮) રજા પ્રવાસ રાહતનો દાવો પરત મુસાફરી કર્યાની તારીખથી એક વર્ષમાં રજુ કરવામાં ન આવે તો તે દાવો જતો કરેલ અથવા છોડી દીધેલ છે એમ માનવાનું રહે છે.

(૯) રજા પ્રવાસ રાહત યોજનાની હાલની જોગવાઇ અનુસાર રજા પ્રવાસ રાહત હેઠળ મુલાકાત માટે જાહેર કરેલ મુખ્ય સ્થળની મુલાકાત લેવાની રહે છે અને આ અંગેના દાવાની સાથે મુસાફરી કર્યા અંગેના પુરાવા એટલે કે રેલ્વેમાં મુસાફરી કરી હોય તો રેલ્વે ટિકિટ નંબર, ખરીદીનું સ્થળ અને તારીખ વગેરે આપવાના રહે છે. રાજય પરિવહનની બસ દ્વારા મુસાફરી કરી હોય તો એસ.ટી. સત્તાવાળા તરફથી આપવામાં આવેલ બસ ટિકિટો અસલમાં રજુ કરવાની રહે છે.

(૧૦) રેલ્વેના બીજા વર્ગની પાત્રતા ધરાવતા કર્મચારીના આશ્રિત તરીકે જે સીનિયર સીટિઝનના કિસ્સામાં રજા પ્રવાસ/ વતન પ્રવાસ રાહતનો લાભ મેળવતી વખતે રેલ્વે દ્વારા મુસાફરી કરેલ હશે તેવા કિસ્સામાં જે તે સમયે રેલ્વે દ્વારા જે રાહત સીનિયર સીટિઝન તરીકે આપવામાં આવતી હશે તેટલી રકમનું જ રેલ્વે ભાડુ મળવાપાત્ર થશે. જો કોઇ સીનિયર સીટિઝન દ્વારા આવી રાહતનો લાભ મેળવેલ નહી હોય તો પણ તેઓને સીનિયર સીટિઝન તરીકેની રાહત મેળવેલ છે તેમ ગણીને જ રેલ્વે ભાડાની રકમ મળવાપાત્ર થશે.

(૧૧) સરકારી કર્મચારીઓ અથવા તેમના કુટુંબના સભ્યો રેલ્વે સત્તાધિકારીએ જાહેર કરેલ રાહત રૂપ કોઇપણ રીટેન પ્રવાસ ટીકીટનો લાભ રજા પ્રવાસ રાહતની સાથે સંયુકત રીતે લે



Scanned with CamScanner

તેમાં પણ કશો વાંધો નથી. કર્મચારીનો દાવો રેલ્વે દ્વારા ઇસ્યુ કરવામાં આવતી ટિકિટ મુજબ જ મળવાપાત્ર થશે.

(૧૨) સરકારી કર્મચારી અથવા તેમનું કુટુંબ રેલ્વે સત્તાધિકારીઓ દ્વારા અપાતી રાહતરૂપ સરક્યુલર ટ્રીપ ટિકિટનો પોતે રજા પ્રવાસ રાહત સાથે સંયુકત રીતે લાભ લે તેમાં કશો વાંધો નથી. આવી રાહતરૂપ ટિકિટનો ઉપયોગ કરતી વેળા, પ્રવાસ કરવા હકકદાર હોય તેવા વર્ગમાં પ્રવાસ કરવાની છુટ રહેશે. આવા કિસ્સામાં સરકારી નાણાકિય સહાય, જે સરકારી કર્મચારી કે તેના કુટુંબને તેઓને મળતા વર્ગમાં મુસાફરી કરી હોત અને જે ભાડા ખર્ચ થાય તેની મર્યાદામાં ખરેખર ચૂકવાયેલ ભાડા પુરતી મર્યાદિત રહેશે.

(૧૩) રજા પ્રવાસ રાહતના હેતુ માટે કર્મચારી દ્વારા કોઇ એક મુખ્ય સ્થળ તેમજ રૂટમાં આવતા અન્ય ચાર પાંચ જોવા લાયક સ્થળો જાહેર કરેલ હોય અને છેલ્લી ઘડીએ કર્મચારીના કાબૂ બહારના કારણોસર એટલે કે કર્મચારી અથવા તેની સાથે પ્રવાસમાં હોય તે પૈકી કુટુંબના સભ્ય/ સભ્યોની અચાનક તબિયત બગડી જવાથી, અકસ્માત થવાથી, અશાંત પરિસ્થિતિને કારણે અથવા કુદરતી આપત્તિ વગેરે કારણોસર જાહેર કરેલ સ્થળ સુધીની મુસાફરી કર્યા સિવાય અધવચ્ચેથી મુસાફરી ટુંકાવીને મુખ્ય મથક પરત આવ્યા હોય ત્યાં સુધીનું રજા પ્રવાસ રાહત મંજુર કરવાની સત્તા સંબંધિત વહીવટી વિભાગના સચિવશ્રીને સુપ્રત કરવામાં આવી છે.

(૧૪) કર્મચારીનો સામાન ચોરાઇ જવાથી અથવા અન્ય કારણોસર ટિકિટ ગુમ થવાથી કર્મચારી દાવો રજુ કરતી વખતે પુરાવા રૂપે ટિકિટ રજુ કરી શકતા નથી. આવા કિસ્સાઓમાં કર્મચારી દ્વારા મુસાફરી કર્યા અંગેના પુરાવા તરીકે અંશતઃ આધાર રજુ કર્યો હોય અને સંબંધિત સચિવશ્રીને રજુ કરેલ આવા અંશતઃ આધારથી સંતોષ થતો હોય તો તેવા કિસ્સાઓમાં વહીવટી વિભાગના સચિવશ્રી આવી બાકી અંશતઃ ટિકિટો રજુ કરવામાંથી છુટછાટ આપી શકે છે.

(૧૫) વહીવટી વિભાગના સચિવશ્રીને આ સુપ્રત કરવામાં આવેલ સત્તા માત્ર તેમની કક્ષાએ મંજુરીથી જ વાપરી શકાશે તેમજ પ્રત્યેક મંજુરીના હુકમમાં સચિવશ્રીએ ફાઇલ ઉપર આપેલ મંજુરીની તારીખનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

(૧૬) સરકારી સેવામાં હોય તેવા કર્મચારી/અધિકારીએ બ્લોક વર્ષ પૂરો થતો હોય તેના છેલ્લા દિવસે રાત્રીના ૧૨.૦૦ કલાક પહેલા રજા પ્રવાસ રાહતની મુસાફરી શરૂ કરે તેમને રજા



Scanned with CamScanner

પ્રવાસ રાહતનો લાભ મળી શકશે. કર્મચારી/અધિકારી નિવૃત્તિના દિવસે જો રાત્રીના ૧૨.૦૦ કલાક પહેલા રજાપ્રવાસ રાહતની મુસાફરી શરૂ કરે તો રજાપ્રવાસ રાહતનો લાભ મળી શકશે.

(૧૭) <u>રજાપ્રવાસ રાહત સમયે પ્રાપ્તરજાનુ રોકડમાં રૂપાંતર</u>

(અ) રજા પ્રવાસ રાહત મેળવતી વખતે કર્મચારી વધુમાં વધુ ૧૦ દિવસનીપ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર કરી શકાશે .

(બ) આખી નોકરી દરમ્યાન વધુમાં વધુ ૬૦ દિવસની પ્રાપ્ત રજા આ પ્રમાણે રોકડમાં રૂપાંતર કરી શકાશે

(ક) જો પતિ અને પત્ની બંન્ને સરકારી કર્મચારી હોય તેવા કિસ્સામાં આ લાભ બંને વ્યક્તિ મેળવી શકશે.

(ડ) આ લાભ કર્મચારીએ રજા પ્રવાસ રાહત માટે ભોગવેલ રજાના પ્રકાર કે દિવસોની સંખ્યાને ધ્યાને લીધા સિવાય મેળવી શકશે.

(ઇ) આ પ્રમાણે રોકડમાં રૂપાંતર કરેલ પ્રાપ્ત રજાઓનો સમય નિવૃત્તિ સમયે રોકડમાં રૂપાંતર કરવાના મળવાપાત્ર પ્રાપ્ત રજામાંથી બાદ કરવાનો રહેશે નહિ.

\# આ જોગવાઇ માટે નાણા વિભાગના તા-૧૫-૦૧-૨૦૧૦ અને તા-૨-૦૨-૨૦૧૨ની જોગવાઇઓ આખરી ગણાશે.

(૧૮) કર્મચારી/ અધિકારીની બદલી સમયના પ્રવાસ તેમજ તેના ફરજ પરના પ્રવાસને સાંકળીને રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહતનો લાભ મેળવી શકશે. આ રીતે કરવામાં આવેલ રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહત માટે બદલી પ્રવાસ અથવા ફરજ પરના પ્રવાસના દાવાની રકમ બાદ કરીને ખર્ચની રકમ નિયમોનુસાર મળવાપાત્ર થશે.

(૧૯) સરકારી કર્મચારી/ અધિકારી અને તેમના કુટુંબને, સરકારી કર્મચારી જે વર્ગ માટે હકદાર હોય તેનાથી ઉપલા અથવા નીચલા વર્ગમાં પ્રવાસ કરવાની છુટ છે. ઉપલા વર્ગમાં પ્રવાસ અંગેની બાબતમાં સરકારની જવાબદારી સરકારી કર્મચારી જે વર્ગમાં પ્રવાસ કરવાના હકકદાર હોય તે વર્ગ દ્વારા કરાયેલ પ્રવાસના ભાડા જેટલી મર્યાદિત રહેશે, અથવા નીચલા વર્ગમાં પ્રવાસ કર્યો હોયતો જે તે વર્ગ દ્વારા ખરેખર કરાયેલા પ્રવાસના ખર્ચ જેટલી મર્યાદિત રહેશે.





Scanned with CamScanner

(૨૦) સરકારી કર્મચારીના કુટુંબના સભ્યોને વતન પ્રવાસ માટે મુખ્ય મથકેથી વતન જવા અને પરત આવવા અંગેના એમ સ્વતંત્ર રીતે બન્ને પ્રવાસના સમયે પ્રવર્તતી હકિકતો ધ્યાનમાં લઇને વતન પ્રવાસનો લાભ મંજુર કરી શકાશે.

(૨૧) આ યોજના અનુસાર મંજુર કરવામાં આવેલ બધી નાણાંકિય સહાયનું રેકર્ડ યોગ્ય રીતે રાખવાનું રહેશે. ગેઝેટેડ અધિકારીઓની બાબતમાં આ રેકર્ડ સંબંધિત હિસાબી અધિકારી દ્વારા રાખવામાં આવશે. નોન ગેઝેટેડ સ્ટાફની બાબતમાં આ રેકર્ડ, સર્વિસ બુકમાં અથવા બીજા યોગ્ય સર્વિસ રેકર્ડમાં નોંધના રૂપમાં રાખવું. વતનમાં જવા અંગેનો પ્રવાસ અથવા પ્રવાસો જે તારીખે અથવા તારીખોએ શરૂ થયા હોય તે તારીખે અથવા તારીખો તેમાં દર્શાવવી. સર્વિસ બુક રાખવા માટે જવાબદાર સત્તાધિકારીએ, સરકારી કર્મચારીના સર્વિસ રેકર્ડમાં નોંધવામાં આવતી રજા પર તે કર્મચારી જાય તેવા દરેક પ્રસંગે આ નિયમો અનુસાર પ્રવાસ અંગે મળવાપાત્ર નાણાકિય સહાયનો લાભ સરકારી કર્મચારીએ લીધો છે કે કેમ એ હકીકત તેમના રેકર્ડમાં નોંધવામાં આવી છે એની ખાતરી કરી લેવી.

## ૯.૦ <u>પ્રમાણપત્રો:</u>

રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહતનો લાભ મેળવવા ઇચ્છતા કર્મચારી/ અધિકારી દ્વારા એક પ્રમાણપત્ર નિયંત્રણ અધિકારીનું અને બીજું પ્રમાણપત્ર સંબંધિત સરકારી કર્મચારીનું એમ બે પ્રમાણપત્ર આપવાના રહેશે. પ્રમાણપત્રના નમૂના આ સાથેના પરિશિષ્ટ-૧ અને પરિશિષ્ટ-૨ તરીકે રાખેલ છે.



## ૧૦.૦ <u>રજા પ્રવાસ રાહત પેશગી:</u>

રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહતનો લાભ લેતા કર્મચારીઓને પેશગી મંજુર કરવા માટે નીચેની બાબતો ધ્યાનમાં લેવાની રહેશે.

(૧) <u>પાત્રતા:</u>

રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહતનો લાભ લેતા કાયમી કર્મચારીઓને રજા પ્રવાસ રાહત પેશગી મળવાપાત્ર છે તથા પ્રવાસની તારીખે સળંગ એક વર્ષથી વધુ નોકરી કરી હોય તેવા હંગામી કર્મચારીઓને પણ પેશગી મળવાપાત્ર છે.



Scanned with CamScanner

(૨) <u>મંજુર કરવાની સત્તાઃ</u>

(અ) પ્રવાસ ભથ્થાના હેતુઓ માટે નિયંત્રણ અધિકારી તરીકે જાહેર કરવામાં આવેલા અધિકારી પોતાના વહીવટી નિયંત્રણ હેઠળના કર્મચારીઓને રજા પ્રવાસ રાહત પેશગી મંજુર કરી શકશે.

(બ) જેઓ પ્રવાસ ભથ્થાના હેતુઓ માટે, પોતે જ પોતાના નિયંત્રણ અધિકારીઓ હોય તેવા અધિકારીઓ પોતાના માટે આવી પેશગીઓ મંજુર કરી શકશે.

(૩) <u>પેશગીની રકમ:</u>

(૧) દરેક કેસમાં પેશગીની રકમ રજા પ્રવાસ રાહત માટે જવા અને પાછા કરવા અંગેની, એમ બંને મુસાફરી માટે કર્મચારી ભારતમાં કોઇપણ સ્થળે ૩૦૦૦ કિ.મી. એકતરફની મર્યાદામાં (જતા-આવતા ૬૦૦૦ કિ.મી.) પ્રવાસ માટેના રજા પ્રવાસ રાહતના ખર્ચની સરકારે ભરપાઇ કરવાની થતી અંદાજીત રકમના ચાર પંચમાંશ ભાગ (૮૦ ટકા) પુરતી મર્યાદિત રહેશે.

વતન પ્રવાસ અંગે જવા અને આવવાના કુલ કિલોમીટરના ખર્ચની સરકારી ભરપાઇ કરવાની થતી અંદાજીત રકમના ચાર પંચમાંશ (૮૦ ટકા) ભાગ પુરતી મર્યાદિત રહેશે.

(૨) સરકારી કર્મચારી અને તેના કુટુંબના સભ્યો રજા પ્રવાસ રાહતનો અલગ અલગ એટલે જુદા જુદા સમયે લાભ લેતા હોય એવા કેસમાં મળવાપાત્ર હોય તેટલે અંશે પેશગીની રકમ અલગ અલગ રીતે ઉપાડવા સામે કોઇ વાંધો રહેશે નહી.

(૩) સરકારી કર્મચારી અને / અથવા એના કુટુંબના સભ્યોની રજા પ્રવાસ/ વતન પ્રવાસ જતા-આવતાની એમ બંને મુસાફરી માટે રજા પ્રવાસ/ વતન તરફની મુસાફરીના પ્રારંભ વખતે પેશગી ઉપાડી શકાશે. પરંતુ સરકારી કર્મચારીએ લીધેલી રજાનો અથવા એના કુટુંબના સભ્યોની અપેક્ષિત ગેરહાજરીનો સમયગાળો ત્રણ મહિના કે ૯૦ દિવસથી વધુ હોવો જોઇશે નહી.

(૪) વતન પ્રવાસના કિસ્સામાં રજા કે અપેક્ષિત ગેરહાજરીનો સમયગાળો ત્રણ મહિના કે ૯૦ દિવસથી વધુ હોય એવા કેસમાં, માત્ર વતન તરફની મુસાફરી માટે જ પેશગી ઉપાડી શકાશે.





Scanned with CamScanner

(૪) <u>પેશગીની ચુકવણી:</u>

(૧) રજા પ્રવાસ/ વતન પ્રવાસનો લાભ લેતા કર્મચારી મુસાફરી શરૂ થતા અગાઉ પ્રવાસ માટે બેઠકનું આરક્ષણ મેળવી શકે તે હેતુથી મંજુર થયેલ પેશગીની રકમની ચુકવણી જો રેલ્વે દ્વારા મુસાફરી કરવાની હોય તો સાંઈઠ (૬૦) દિવસ અગાઉ અને રસ્તા દ્વારા મુસાફરી કરવાની હોય તો ત્રીસ (૩૦) દિવસ અગાઉ કરી શકાશે.

(૨) પેશગીની રકમ, સંબંધિત સરકારી કર્મચારીના પગાર વગેરે હિસાબના જે સદર ખાતે ઉધારવામાં આવતા હોય એ હિસાબના યોગ્ય આખરી સદર હેઠળના ગૌણ સદર હેઠળના "ભથ્થા અને માનદવેતન" એ પેટા સદર હેઠળના "રજા પ્રવાસ ભથ્થા" એ વિગતવાર સદર હેઠળ ઉધારવાની રહેશે અને પેશગી મંજુરકર્તા સત્તાધિકારીએ પેશગીના હિસાબમેળ પર વાંધાપોથી મારફત ધ્યાન રાખવાનું રહેશે.

(૫) <u>વસુલાત અને હિસાબમેળ:</u>

(૧) રજા પ્રવાસ/ વતન પ્રવાસને લગતી મુસાફરીઓ માટે ઉપાડવામાં આવેલી પેશગીનો હિસાબ, મુસાફરીઓ પુરી થયા બાદ રજુ કરવાનો રહેશે.

(૨) ઉપાડવામાં આવેલી પેશગીનો હિસાબ સરભર કરતો પ્રવાસ હકકદાવો વળતી મુસાફરી પુરી થયાના એક મહિનાની અંદર રજુ કરવાનો રહેશે.

(૩) સરકારી કર્મચારીના કુટુંબના સભ્યોના પ્રત્યેક જુદા જુદા જુથ માટે પેશગીઓ અલગ અલગ મંજુર કરવામાં આવી હોય એવા કેસોમાં હકકદાવાઓને અલગ અલગ હિસાબમેળ કરવાની છુટ આપી શકાશે. સરકારી કર્મચારીએ એના કુટુંબના સભ્યો અંગે ભેગી પેશગી ઉપાડી હોય એવા કેસમાં, હિસાબમેળ માટેનો હકદાવો એક જ બિલમાં તૈયાર કરવો.

(૪) હિસાબમેળ પર રાબેતા મુજબ ધ્યાન આપવા માટે નાણા વિભાગના તા.૧૭/૧૦/૭૯ના ઠરાવ કમાંક:ટીજેઆર/ ૧૦૭૮/ ૩૫૮૩/(૭૯)/ઝેડ અન્વયે નિભાવવામાં આવતા એબીસી રજીસ્ટરમાં પેશગીની મંજુરી, ચુકવણી તથા તેની વસુલાત અંગે ઘટતી નોંધ કરવાની રહેશે.

(૬) <u>અન્ય શરતો:</u>

(૧) રજા પ્રવાસ/ વતન પ્રવાસમાં જતાં અને આવતાં બંને મુસાફરીઓ માટે પેશગી ઉપાડવામાં આવી હોય અને કર્મચારી કે કર્મચારીના કુટુંબના મુખ્ય મથકેથી ગેરહાજરીનો

17



Scanned with CamScanner

સમયગાળો ત્રણ મહિના કે ૯૦ દિવસથી વધી જવાનો સંભવ છે એવું પાછળથી સ્પષ્ટ થતું હોય એવા કેસમાં, પેશગીની અર્ધી રકમ સરકારને તરત જ રિફંડ કરવાની રહેશે.

(૨) હંગામી સરકારી કર્મચારીઓ અને એમના કુટુંબને તેઓ કાયમી સરકારી કર્મચારીની આ સાથેના ફોર્મમાં જામીનગીરી રજુ કરે એ શરતને આધીન રહી પેશગી મંજુર કરવામાં આવશે.

(૩) હંગામી કર્મચારી. આ પેશગી માટે જો કાયમી સરકારી કર્મચારીની નિયત નમૂનામાં જામીનગીરી રજુ કરે તો પેશગી મેળવી શકે છે. (પરિશિષ્ટ-૩).

(૭) <u>પેશગી સરભર કરતા બીલો રજુ ન થાય તો કરવાની કાર્યવાહી:</u>

રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત અંગે લીધેલ પેશગી સરભર કરવા માટેનું બિલ મુસાફરી પુરી કર્યા તારખથી એક માસમાં રજુ કરવાનું રહેશે. જો આ પ્રમાણે પેશગીની લીધેલ રકમનું પુરેપુરુ બિલ મુસાફરી પુરી થયાની તારીખથી એક માસમાં રજુ ન કરે તો નીચે દર્શાવેલ વ્યાજ સહિત વસુલાત કરવાની રહેશે.

(૧) મુસાફરી પુરી થયાની તારીખથી એક માસમાં બિલ રજુ ન કરે તો પેશગીની રકમ તે આપ્યાની તારીખથી વસુલાતની તારીખ સુધી ૨.૫ ટકા દંડનીય વ્યાજ સહીત પેશગીની રકમ વસુલ કરવાની રહેશે.

(૨) ખરેખર મુશ્કેલીઓને કારણે કર્મચારી પોતાનું બિલ રજુ કરી શકયા ન હોય તો વિભાગના/ ખાતાના વડા દંડનીય વ્યાજની વસુલાત જતી કરી શકે છે.

(૩) મુસાફરી પુરી થયાની તારીખથી એક માસમાં બિલ રજુ કરે પરંતુ તે બિલની રકમ પેશગીની રકમ કરતાં ઓછી હોય તો બાકીની રકમ તે રકમ આપ્યાની તારીખથી વસુલાતની તારીખ સુધી ઉપર દર્શાવેલ દંડનીય વ્યાજ સાથે વસુલ કરવાની રહેશે.

## ૧૧.૦ <u>અંધ અને વિકલાંગ કર્મચારીઓ/ અધિકારીઓ માટે:</u>

(૧) શારિરીક ક્ષતિ અંગેનું તબીબી પ્રમાણપત્ર ધરાવતા હોય તથા વાહન ભથ્થું મેળવતા હોય તેવા અંધ તથા વિકલાંગ કર્મચારી/ અધિકારીઓ ભાડાના ખાનગી વાહનમાં રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહતનો લાભ મેળવી શકશે. પરંતુ આવા વાહનો દ્વારા કરવામાં આવેલ મુસાફરી માટે તેઓને મળવાપાત્ર રેલ્વે ભાડાની મર્યાદામાં ચૂકવણી કરવાની રહેશે.





Scanned with CamScanner

(૨) સરકારી કર્મચારી/અધિકારીના કુટુંબના સભ્યો કે જે રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહત મેળવવા પાત્રતા ધરાવતા હોય અને તે અંધ અને વિકલાંગ હશે તો તેવા કિસ્સામાં પણ ઉપર (૧)માં દર્શાવ્યા મુજબ તેઓને પોતાના/ભાડાના ખાનગી કે બીજાના વાહનમાં રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહતનો લાભ મેળવી શકશે.

(3) જે અંધ કે વિકલાંગ કર્મચારીઓ વાહન ભથ્થું મેળવવાને પાત્ર હોય પરંતુ આવા કર્મચારીઓ ઓફિસ કોમ્પ્લેક્ષમાં રહેતા હોવાના કારણે વાહન ભથ્થું ન મળતું હોય તેવા કર્મચારીઓને આ હુકમો હેઠળ ભાડાના ખાનગી વાહનમાં રજા પ્રવાસ રાહત હેઠળ પ્રવાસ કરવાની છુટ આપવામાં આવે છે.

## ૧૨.૦ તદ્દન અપંગ (પેરાપ્લેજીકની ક્ષતિ ધરાવતા) કર્મચારીઓ માટે:

તદ્દન અપંગ (પેરાપ્લેજીકની ક્ષતિ ધરાવતા) અર્થાત જેઓ વ્હીલચેર દ્વારા જ હરીફરી શકતા હોય તેવા કર્મચારીઓને રજા પ્રવાસ રાહતનું રોકડમાં રૂપાંતર નીચેની શરતોને આધિન આપવામાં આવશે.

(૧) આ હુકમોનો લાભ તદ્દન અંપગ અર્થાત પેરાપ્લેજીકની ક્ષતિ ધરાવતા અને માત્ર વ્હીલચેર દ્વારા જ હરી ફરી શકતા હોય તેવા જ સરકારી કર્મચારીઓને મળવાપાત્ર થશે.

(૨) તદ્દન અપંગ (પેરાપ્લેજીકની ક્ષતિ ધરાવતા) કર્મચારીઓ કે જેઓએ જે તે બ્લોક વર્ષમાં રજા પ્રવાસ રાહતનો લાભ મેળવેલ ન હોય તેવા કર્મચારીઓને જ રજા પ્રવાસ રાહતના રોકડમાં રૂપાંતરનો લાભ મળવાપાત્ર થશે.

(૩) આ લાભ વધુમાં વધુ બે આખી ટિકિટની મર્યાદામાં મળવાપાત્ર થશે.

(૪) આવવા-જવાના ૪૫૦૦ કી.મી.ની મર્યાદામાં આ રાહત મળવાપાત્ર થશે.

(૫) આ અંગેનો વિકલ્પ નવો બ્લોક વર્ષ શરૂ થયે પ્રથમ ત્રણ માસમાં આપવાનો રહેશે. પરંતુ રોકડમાં રૂપાંતરની ગણતરી જે મહિનામાં રોકડમાં રૂપાંતર કરવાની અરજી આપે તે માસના પગારને ધ્યાને લેવાનો રહેશે. એકવાર આપેલ વિકલ્પ આખરી ગણાશે. તેમાં ફેરફાર કરવાની કોઇપણ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૬) કર્મચારી જે તારીખે વિકલ્પે રોકડમાં રૂપાંતર કરી આપવાનો વિકલ્પ આપે તે તારીખે રેલ્વેના હકકદાર વર્ગનું રેલ્વે ભાડુ ગણત્રીમાં લેવાનું રહેશે.



Scanned with CamScanner

(૭) તારીખ ૦૧/૦૪/૮૯ કે પછી સેવામાં દાખલ થયેલ કર્મચારીને જો, બે થી વધુ જીવીત બાળકો હશે તો તેમને આ લાભ મળવાપાત્ર થશે નહી.

(૮) ચાલુ નોકરી દરમ્યાન મૃત્યુ પામનાર કર્મચારી દ્વારા રોકડમાં રૂપાંતર અંગે કોઇ વિકલ્પ આપ્યો ન હોય અને તેના કાયદેસરના વારસદારો તરફથી માંગણી કરવામાં આવે તો આ અંગે મળવાપાત્ર રકમ ચુકવી શકાશે.

(૯) આ અંગેની નોંધ કર્મચારીની સર્વિસ બુકમાં વિગતવાર કરવાની રહેશે.

(૧૦) આ લાભ ફકત તદન અપંગ, પેરાપ્લેજીકની ક્ષતિ ધરાવતા અને વ્હીલચેર દ્વારા હરી-ફરી શકતા હોય તેવા કર્મચારીઓને જ મળવાપાત્ર હોઇ, કર્મચારી વ્હીલચેર વિના હરી-ફરી શકતા નથી તે મતલબનું પ્રમાણપત્ર મેળવવાની જવાબદારી સંબંધિત નિયંત્રણ અધીકારીની રહેશે. કોઇ કિસ્સામાં આવું પ્રમાણપત્ર ખોટુ આપ્યાનું ફલિત થાય તો આ અંગેની જવાબદારી સંબંધિત નિયંત્રણ અધિકારીની રહેશે.

(૧૧) વધુમાં વધુ બે ટિકિટનું વિકલ્પે રોકડમાં રૂપાંતર કરી આપવા અંગે જે કર્મચારી દ્વારા વિકલ્પ આપવામાં આવ્યો હશે તેવા કિસ્સામાં કુટુંબના બાકી અન્ય સભ્યોનું ખરેખર મુસાફરી કરે તો પણ રજા પ્રવાસ રાહતની સવલત મળવાપાત્ર થશે નહી.

## ૧૩.૦ <u>રજા પ્રવાસ રાહતના ખોટાં બિલ અંગે કરવાની કાર્યવાહી:</u>

કર્મચારી/અધિકારી રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહતનો ખોટો લાભ મેળવશે ત્યારે નીચે પ્રમાણેની કાર્યવાહી કરવાની રહેશે.

(૧) (અ) કર્મચારીએ રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહતની બધી રકમ સરકારમાં પરત કરવાની રહેશે. તદ ઉપરાંત રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહતની બે ગણી રકમ દંડ રૂપે પરત કરવાની રહેશે.

(બ) ઉપરોકત રકમ એક સપ્તાહની સમય-મર્યાદામાં પરત કરવાની રહેશે.

(ક) તદઉપરાંત સંબંધિત કર્મચારી ભવિષ્યમાં આવી ગેરરીતી નહી આચરે તેની બાંહેધરી તેના સંબંધિત ખાતાના વડા/વિભાગના વડાએ મેળવવાની રહેશે અને ત્યારબાદ સંબંધિત સામેનું પ્રકરણ બંધ કરવાનું રહેશે. આ અંગે ખાતાના વડા/ વિભાગના વડાનો નિર્ણય આખરી ગણાશે.



Scanned with CamScanner

(૨) કર્મચારી/અધિકારીએ રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહતનો ખોટો લાભ મેળવેલ હશે અને તેને દંડ સહીત રકમ પરત કરવા સૂચના આપવામાં આવે છતાં પણ જો નિયત સમય-મર્યાદામાં રકમ પરત ભરે નહી તો તેની સામે તાત્કાલીક ફોજદારી કેસ દાખલ કરવો અને સાથોસાથ તેવા કર્મચારીને ફરજ મોકુફી ઉપર ઉતારીને સરકારશ્રીની પ્રવર્તમાન સૂચનાઓ હેઠળ યોગ્ય રીતે કાર્યવાહી તાત્કાલીક હાથ ધરવાની રહેશે.

(3) આ પ્રકારના કેસો નીચે પ્રમાણે વિનિયમિત કરવાના રહેશે.

(અ) સંબંધિત કર્મચારીને રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહતની રકમ તેમજ તેનાથી બે ગણી રકમનો દંડ. આદેશો કરવામાં આવે ત્યારથી એક સપ્તાહની અંદર ભરી દેવા જણાવવું તેમજ ભવિષ્યમાં આવી ગેરરીતી આચરશે નહી તેવી બાંહેધરી સંબંધિત વિભાગના વડા/ખાતાના વડાએ મેળવવાની રહેશે.

(બ) જો ઉકત કર્મચારીઓ ઉપર "(અ)" માં દર્શાવેલ રકમ સરકારમાં પરત જમા કરીદે અને જરૂરી બાંહેધરી લખી આપે તો જ તેમને ફરજ મોકુફી ઉપરથી પરત લઇ લેવાના થાય. પરંતુ તેમણે "ફરજ મોકુફી" ઉપર ગાળેલો સમય ફરજ મોકુફી તરીકે નિયમિત કરવાનો રહેશે.

(ક) ત્યારબાદ તેમની સામે ખોટા રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહત અંગે પ્રોસીકયુશનની જે કાર્યવાહી ચાલે છે તે પડતી મુકવાની અને તેમની સામેનો કેસ પાછો ખેંચવાનો રહેશે.

(ડ) ઉપર મુજબના વસુલાતના આદેશો રવાના કરવામાં આવે અને એક સપ્તાહના સમયમાં જો રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહતની રકમ (દંડની રકમ સાથે) પરત ન કરે તો તેમની સામે હાલમાં જે કાર્યવાહી ચાલે છે તે ચાલુ રાખવાની રહેશે અને તેમને ફરજ મોકુફી ઉપર પણ ચાલુ રાખવાના રહેશે.

(૪) ઉપરના ફકરા-૧ થી ૩ ની સૂચના મુજબ જે કર્મચારીઓએ રજા પ્રવાસ રાહતની રકમ તથા તે રકમની બે ગણી રકમ (કુલ ત્રણ ગણી રકમ) પરત કરી નથી તેમની સામે.

(અ) તાત્કાલીક ફોજદારી કેસો નોંધવા

(બ) તેમને કાયમી ધોરણે રજા પ્રવાસ રાહત અને વતન પ્રવાસનો લાભ ન આપવો અને તે અંગેની તેમની સેવા પોથીમાં લાલ શાહીથી નોંધ કરવી.

21



Scanned with CamScanner

(૫) જે કર્મચારીઓએ ત્રણ ગણી રકમ પરત કરી દીધી છે તેમને ભવિષ્યમાં રજા પ્રવાસ રાહત અને વતન પ્રવાસ રાહતનો લાભ ન આપવો અને તે અંગેની તેમની સેવા પોથીમાં લાલ શાહીથી નોંધ કરવી.

(૬) ઉપરોકત સૂચનાનો અમલ ચૂસ્તપણે કરવાનો રહેશે.

(૭) આ સૂચનાઓ રજા પ્રવાસ રાહત ઉપરાંત વતન પ્રવાસ રાહતના કિસ્સાઓમાં પણ લાગુ પડશે.

૧૪.૦ આ હુકમો જેમના સામાન્ય ભવિષ્યનિધિ/નવી પેન્શન વર્ધિત યોજનાના ખાતા રાજ્ય સરકાર હસ્તક છે તેવા રાજ્ય સરકારના કર્મચારીઓ, પંચાયતના કર્મચારીઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ, સહાયક અનુદાન મેળવતી બિન-સરકારી શાળાના તમામ કર્મચારીઓ કે જેઓ રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહતની પાત્રતા ધરાવે છે તેઓને લાગુ પડશે.

૧૫.૦ રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહત સંદર્ભે અર્થઘટનના પ્રસંગે નાણા વિભાગનો પૂર્વ પરામર્શ કરવાનો રહેશે અને નાણા વિભાગનો નિર્ણય આખરી ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના નામે અને તેમના હુકમથી,

(એચ. ડી. સેઇલર)
સંયુક્ત સચિવ
નાણા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગુજરાત ભવન, ગાંધીનગર
  માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
  માન. મંત્રીશ્રી/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/ નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
  માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.





Scanned with CamScanner

- સચિવશ્રી ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

સચિવાલયના સર્વે વિભાગો/ ખાતાના વડાઓ/ કચેરીઓના વડાઓ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ), રાજકોટ/ અમદાવાદ

એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ), રાજકોટ/ અમદાવાદ

નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/ સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ

સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ/ સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર/ અમદાવાદ

સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/ પેટા તિજોરી અધિકારીશ્રીઓ

પીએઓ, સ.સ.ન.નિ.લિ., ગાંધીનગર/ વડોદરા.

નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ

સર્વે બોર્ડ/ યુનિવર્સિટી/ નિગમ/ રાજ્ય સરકારના જાહેર સાહસો

નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, નાણા વિભાગની તમામ શાખાઓ.

પસંદગી ફાઇલ-ચ શાખા.

---

- પત્ર દ્વારા

ક્રમાંક/ [illegible] /૨૦૧૫-૧૨૫૩૭-૧૨૫૫૮
કમિશ્નરશ્રી, મ.ભો. અને શાળાઓની કચેરી
બ્લોક નં. ૯, ડૉ. જીવરાજ મહેતા ભવન,
જુ.સ. ગાંધીનગર. તા.૨૩ / ૧૦ /૨૦૧૫

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/ [illegible]
તમામ....
[illegible] ૧૯૦૨૦૧૩/
[illegible]
[illegible]
[illegible]

[illegible]
(ગુ.રા.) ગાંધીનગર

[illegible]
- સંયુક્ત કમિશ્નર (વહીવટ) [illegible]
- સંયુક્ત [illegible] કમિશ્નર (ડેર) [illegible]

- સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

સચિવાલયના સર્વે વિભાગો/ ખાતાના વડાઓ/ કચેરીઓના વડાઓ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ), રાજકોટ/ અમદાવાદ

એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ), રાજકોટ/ અમદાવાદ

નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/ સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ

સર્વે જીલ્લા કલેક્ટરશ્રીઓ/ સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર/ અમદાવાદ

સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/ પેટા તિજોરી અધિકારીશ્રીઓ

પીએઓ, સ.સ.ન.નિ.લિ., ગાંધીનગર/ વડોદરા.

નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ

સર્વે બોર્ડ/ યુનિવર્સિટી/ નિગમ/ રાજ્ય સરકારના જાહેર સાહસો

નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, નાણા વિભાગની તમામ શાખાઓ.

પસંદગી ફાઇલ-ચ શાખા.

- પત્ર દ્વારા

ક્રમાંક/ડા/પગાર/૨૯૯૪૦-૭૨
કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી
બ્લોક નં.૯, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર, તા.૨૯/૧૦/૨૦૧૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
તમામ.

નાણા વિભાગના તા.૨૮/૦૮/૨૦૧૫ના ઠરાવ ક્રમાંક/
મસભ/૧૦૨૦૧૩-૬૪૨૯૬૯-લ અન્વયે જાણ તથા/
જરૂરી કાર્યવાહી અર્થે

(સહી)
સંયુક્ત શિક્ષણ નિયામક (માધ્યમિક)
કમિશ્નર શાળાઓની કચેરી
ગુ.રા., ગાંધીનગર

નકલ રવાના
- સં.શિ.નિયામક (હિસાબ) } [illegible]
- સં.શિ.નિયામક (૧૦+૨) }

Scanned with CamScanner

(રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહત માટે નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ મસભ/ ૧૦૨૦૧૩/૧૪૨૯૬૯/ચ, તા.૨૮/૦૮/૨૦૧૫ ના પેરા-૧૦ (૭) મુજબ આપવાના થતા જામીનખતનું ફોર્મ)

## પરિશિષ્ટ-૩
## જામીનખતનું ફોર્મ

આ ખતથી જાણ થાય કે હું ............................................ .................. નો પુત્ર, રહેવાસી ....... ............ જીલ્લાના .................... (ગામમાં) હાલ ........................ માં ...................... તરીકે કાયમી જગ્યા ધરાવતા (હવે પછી જેનો ઉલ્લેખ જામીન તરીકે કરવામાં આવ્યો છે.) સરકારને ચુકવવા રૂ. ...... (અંકે રૂપિયા..................................... ફકત)ની રકમ તેમજ એટર્ની તથા અસીલ વચ્ચેનું સઘળું ખર્ચ સરકાર કરે અથવા સરકારને કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય એવા બધા જ ચાર્જ અને ખર્ચ ચુકવવામાં આવે એની જવાબદારી લઉં છું અને એ અંગે ગુજરાતના રાજ્યપાલશ્રી (આ ખતમાં હવે પછી જેનો ઉલ્લેખ સરકાર તરીકે કરવામાં આવ્યો છ અને જે શબ્દ પ્રયોગમાં એમના ઉત્તરાધિકારીઓ અને નામફેર કરીલેનારાઓનો સમાવેશ થશે) સાથે દૃઢતાપૂર્વક બંધાઉ છું. આ ચુકવણી બરાબર અને સાચી પ્રતિનિધિઓ આ ખતથી બંધાઇએ છીએ, જેની સાખ રૂપે બે હજાર ................... ના ............ મહિનાની .................................. તારીખના રોજ મેં સહી કરી છે.

૨. હવે તેથી, શ્રી .................. ના પુત્ર, રહેવાસી .................. જીલ્લાના.......................... હાલ ..................... માં હંગામી .......................... તરીકે નોકરી કરતા (આ ખતમાં હવે પછી જેનો ઉલ્લેખ નાણા ઉછીના લેનાર તરીકે કરવામાં આવ્યો છે)ને સરકાર ..................... માટે રૂ............................ (અંકે રૂપિયા............................................ ફકત) ની રજા પ્રવાસ રાહતનો લાભ લેવા પેશગી એની પોતાની વિનંતીથી જોગવાઇઓને આધીન આપવા સંમત થઇ છે અને નાણા ઉછીના લેનારે ઉકત રકમ, સદરહું નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃમસભ-૧૦૨૦૧૩-૧૪૨૯૬૯-ચ, તારીખ.૨૮/૦૮/૨૦૧૫ અન્વયે કરવામાં આવેલી ઠરાવના ફકરા-૧૦ (૭) અન્વયે નિયત



Scanned with CamScanner

કરવામાં આવેલ દરે અને રીતે ગણવામાં આવેલ દંડનીય વ્યાજ સહિત અથવા તે પૈકી તે સમયે બાકી અને વણ ચુકવાયેલી રહી હોય એટલી રકમ પર પેશગી આપ્યાની તારીખથી સદરહુ નિયત દરે ગણવામાં આવેલ દંડનીય વ્યાજ સહિત એક જ હપ્તામાં ભરપાઇ કરવાની જવાબદારી લીધી છે.

૩. અને તેથી સરકારે નાણા ઉછીના લેનારને ઉપર્યુકત પેશગી આપવાની સંમતિ આપી હોઇ તેના અવેજમાં જામીન અહીં નીચે લખ્યા મુજબની શરતે ઉપરનું ખત કરી આપવા સંમત થયા છે.

૪. હવે ઉપર જણાવેલા ખતની શરત એ છે કે ઉકત નાણાં લેનાર ઉકત ...................... માં નોકરીમાં હોય ત્યારે સરકારની લેણી થતી ઉપર્યુકત પેશગીની રકમ તે પરના ઉપર્યુકત રીતે ગણવામાં આવેલ દંડનીય વ્યાજ સહિત અથવા એ પૈકી તે સમયે બાકી અને વણચુકવાયેલી રહી હોય એટલી રકમ પરના પેશગી શરૂ કરીને, રૂ. ...................... (અંકે રૂપિયા.......... ............... ફકત)ની ઉકત રકમ તે પર ઉપર્યુકત રીતે ગણવામાં આવેલ દંડનીય વ્યાજ સહિત યોગ્ય રીસતે ચુકવાઇ ન જાય ત્યાં સુધીના સરકારી લોન અંગે અમલમાં હોય એ નિયત સરકારી દરોએ ગણી કાઢેલા વ્યાજ સહિત હપ્તેથી યોગ્ય રીતે અને નિયમિતપણે સરકારને ચુકવશે અથવા ચુકવવામાં આવે તેમ કરશે, તો આ ખત રદ થશે. અન્યથા આ ખત સંપૂર્ણપણે અમલમાં રહેશે અને અસરકર્તા રહેશે.

પ. તે છતાં, નાણા ઉછીના લેનાર નાદાર બને અથવા કોઇપણ સમયે સરકારી નોકરીમાં ચાલુ ન રહે તો રૂ. .............. (અંકે રૂપિયા ....................... ફકત)ની ઉકત મુદ્દલની પૂરેપૂરી રકમ અથવા તે પૈકી તે સમયે વણચુકવાયેલી રહી હોય એ રકમ, અને પેશગી આપ્યાની તારીખથી ઉપર્યુકત રીતે ગણવામાં આવેલ ઉકત મુદ્દલની રકમ પરનું લેણું થતું દંડનીય વ્યાજ સરકારને તરત જ લેણું થશે અને ચુકવવાપાત્ર થશે અને આ ખત અન્વયે જામીન પાસેથી એક હપ્તામાં વસુલ કરવાપાત્ર થશે.

૬. ઉકત નાણા ઉછીના લેનારને સરકારે આપેલ મુદત વધારા અથવા બીજી કોઇ છુટછાટને કારણે, જામીનને એની જાણ હોય કે ન હોય અથવા એ બાબતમાં એમની સંમતિ હોય કે ન હોય તો પણ જામીન સ્વીકારેલી જવાબદારીમાંથી કોઇપણ રીતે મુકત થઇ શકશે નહિ. અથવા જામીનની જવાબદારીને કોઇ અસર થશે નહી.



Scanned with CamScanner

કરવામાં આવેલ દરે અને રીતે ગણવામાં આવેલ દંડનીય વ્યાજ સહિત અથવા તે પૈકી તે સમયે બાકી અને વણ ચુકવાયેલી રહી હોય એટલી રકમ પર પેશગી આપ્યાની તારીખથી સદરહુ નિયત દરે ગણવામાં આવેલ દંડનીય વ્યાજ સહિત એક જ હપ્તામાં ભરપાઇ કરવાની જવાબદારી લીધી છે.

૩. અને તેથી સરકારે નાણા ઉછીના લેનારને ઉપર્યુકત પેશગી આપવાની સંમતિ આપી હોઇ તેના અવેજમાં જામીન અહીં નીચે લખ્યા મુજબની શરતે ઉપરનું ખત કરી આપવા સંમત થયા છે.

૪. હવે ઉપર જણાવેલા ખતની શરત એ છે કે ઉકત નાણાં લેનાર ઉકત ...................... માં નોકરીમાં હોય ત્યારે સરકારની લેણી થતી ઉપર્યુકત પેશગીની રકમ તે પરના ઉપર્યુકત રીતે ગણવામાં આવેલ દંડનીય વ્યાજ સહિત અથવા એ પૈકી તે સમયે બાકી અને વણચુકવાયેલી રહી હોય એટલી રકમ પરના પેશગી શરૂ કરીને, રૂ. ...................... (અંકે રૂપિયા........... ............... ફકત)ની ઉકત રકમ તે પર ઉપર્યુકત રીતે ગણવામાં આવેલ દંડનીય વ્યાજ સહિત યોગ્ય રીસતે ચુકવાઇ ન જાય ત્યાં સુધીના સરકારી લોન અંગે અમલમાં હોય એ નિયત સરકારી દરોએ ગણી કાઢેલા વ્યાજ સહિત હપ્તેથી યોગ્ય રીતે અને નિયમિતપણે સરકારને ચુકવશે અથવા ચુકવવામાં આવે તેમ કરશે, તો આ ખત રદ થશે. અન્યથા આ ખત સંપૂર્ણપણે અમલમાં રહેશે અને અસરકર્તા રહેશે.

૫. તે છતાં, નાણા ઉછીના લેનાર નાદાર બને અથવા કોઇપણ સમયે સરકારી નોકરીમાં ચાલુ ન રહે તો રૂ. .............. (અંકે રૂપિયા ...................... ફકત)ની ઉકત મુદ્દલની પૂરેપૂરી રકમ અથવા તે પૈકી તે સમયે વણચુકવાયેલી રહી હોય એ રકમ, અને પેશગી આપ્યાની તારીખથી ઉપર્યુકત રીતે ગણવામાં આવેલ ઉકત મુદ્દલની રકમ પરનું લેણું થતું દંડનીય વ્યાજ સરકારને તરત જ લેણું થશે અને ચુકવવાપાત્ર થશે અને આ ખત અન્વયે જામીન પાસેથી એક હપ્તામાં વસુલ કરવાપાત્ર થશે.

૬. ઉકત નાણા ઉછીના લેનારને સરકારે આપેલ મુદત વધારા અથવા બીજી કોઇ છુટછાટને કારણે, જામીનને એની જાણ હોય કે ન હોય અથવા એ બાબતમાં એમની સંમતિ હોય કે ન હોય તો પણ જામીન સ્વીકારેલી જવાબદારીમાંથી કોઇપણ રીતે મુકત થઇ શકશે નહિ. અથવા જામીનની જવાબદારીને કોઇ અસર થશે નહી.



Scanned with CamScanner

૭. આ દસ્તાવેજ અંગે કોઇ સ્ટેમ્પ ડયુટી ભરવાની હોય તો તે ભરવા સરકાર સંમત થાય છે.

૨૦............ ના................................. ની...............................

તારીખે.......................... ખાતે.

(જામીનની સહી)

(હોદ્દો)

જે કચેરી હોય એ કચેરીનું નામ

ઉક્ત.................. એ સહી કરી સોંપ્યું

નીચેનાની હાજરીમાં

સાક્ષીઓની સહી, સરનામાં અને વ્યવસાય

(૧)

(૨)



Scanned with CamScanner

## પરિશિષ્ટ-૧

### નિયંત્રણ અધિકારીએ બિનરાજયપત્રિત કર્મચારીઓ માટેનું આપવાનું પ્રમાણપત્ર

(૧) પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી/કુમારી (સરકારી કર્મચારીનું નામ) એ મુખ્ય મથકેથી રજા પ્રવાસ/ વતન પ્રવાસમાં જવા અંગેનો પ્રવાસ શરૂ થાય તે તારીખે, એક વર્ષની અથવા તેથી વધુ મુદતની સળંગ નોકરી કરી છે.

*(૨) નાણા વિભાગના તા.૨૮/૦૮/૨૦૧૫ના સરકારી ઠરાવ નંબરઃ મસભ/ ૧૦૨૦૧૩/૧૪૨૯૬૯ /ચના ફકરા-૯ અનુસાર જરૂરીયાત પ્રમાણે જરૂરી નોંધો શ્રી/શ્રીમતી/કુમારી .................................. ની સેવાપોથીમાં કરી છે.

(નિયંત્રણ અધિકારીની સહી અને હોદ્દો)

*(નોન ગેઝેટેડ અધિકારીઓ માટે)

---

## પરિશિષ્ટ-૨

### રજા પ્રવાસ/ વતન પ્રવાસ રાહત માટે સરકારી કર્મચારીએ આપવાના પ્રમાણપત્રો

(૧) સને ૨૦ અને સન ૨૦ ના ચાર વર્ષના સમયગાળા સંબંધે મારા પોતાના માટે અથવા મારા કુટુંબ માટે રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ પુરતી બીજી કોઇ પણ માગણી મેં રજુ કરી નથી.

*(૨) મેં/ મારી પત્નીએ બાળકો સાથે/ મેં પોતે કરેલા પ્રવાસ સંબંધી રજા પ્રવાસ રાહત માટેનું પ્રવાસ ભથ્થું મેં આકાર્યું છે. માગણી, અગાઉના પ્રસંગે તે ટુકડી સાથે પ્રવાસ નહી કરનાર બાળકો સાથે મારી પત્નીએ/ મેં પોતે કરેલ પ્રવાસ સંબંધી છે.

(૩) આ પ્રવાસ, બાળકો સાથે મેં/ પત્નીએ, એકરાર કરાયેલો વતન પ્રવાસ/ રજા પ્રવાસ રાહત જવા માટે કર્યો છે.

(૪) પ્રમાણિત કરવામાં આવે છે કે મારા પતિ/ મારી પત્ની સરકારી નોકરીમાં નથી. પ્રમાણિત કરવામાં આવે છે કે મારા પતિ/ મારી પત્ની સરકારી નોકરીમાં છે અને સંબંધિત ચારવર્ષના સમયગાળા માટે તેમણે અથવા કુટુંબના કોઇ સભ્યો માટે આ છુટછાટનો લાભ લીધો નથી.

સરકારી કર્મચારીની સહી

*(લાગુ ન પડતું તે કાઢી નાખવું.)



Scanned with CamScanner